# ૨૧ પાણી બચાવીએ

T4H8L6

રાજસ્થાનના ગામની વાત છે. ગામનું નામ બાજલપુર. માધો, આ નાના ગામમાં રહે છે. અહીં ગામ તો ભાગ્યે જ દેખાય ! બધે રેતી (sand-સેન્ડ) જ જોવા મળે. જ્યારે રેતતોફાન ન હોય ત્યારે ક્યાંક ઘર જોવા મળે.

ઉનાળામાં અહીં પાણીની તંગી (scarcity-સ્કારસિટી) હોય. આ વર્ષ તો ખૂબ જ ખરાબ છે. અહીં વરસાદ જ પડ્યો નથી. તેની માતા અને બહેનને દૂર સુધી ચાલીને પાણી ભરવા જવું પડે છે. નજીકના તળાવમાં પાણી સુકાઈ ગયું છે. દરરોજ ચાર ઘડા પાણી ભરવામાં કલાકો જાય છે. તાપમાં ગરમ રેતી પર ચાલવાથી તેમના પગના પંજા બળી જાય છે. અરે! પગમાં ક્યારેક ફોલ્લા પણ પડી જાય છે.



ઉપરના દૃશ્યમાં સ્ત્રી જાતિની સભાનપણે પરંપરાગત ભૂમિકા બતાવી છે (પાણી ખેંચી લાવવું). સ્ત્રી-પુરુષ વચ્ચે ભેદભાવ દૂર કરવા વર્ગખંડમાં આ વાતની ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગામમાં પાણી ભરેલી ટ્રેન આવે છે. તે સમયે ગામમાં બધાં ખૂબ જ ખુશ થઈ જાય છે. માધોના પિતાજી તેમની ઊંટગાડી લઈને પાણી ભરવા જાય છે. પરંતુ આવું વારંવાર થતું નથી. લોકો પાણી માટે દિવસો સુધી રાહ જોતાં હોય છે.




ઘણાં લોકો વરસાદના પાણીનો સંગ્રહ કરે છે. આ માટે એક ખાસ પદ્ધતિ છે. જેને વરસાદી પાણીનો સંગ્રહ કહે છે. જેમાં એક **ટાંકી** બનાવાય છે. શું તમે જાણો છો ટાંકી એટલે શું ? ટાંકી કેવી રીતે બનાવાય ?

ટાંકી બનાવવા વાડામાં એક ઊંડો ખાડો ખોદવામાં આવે છે. આ ટાંકો સિમેન્ટથી પાકો બનાવવામાં આવે છે. ટાંકીને ઢાંકીને રાખવામાં આવે છે. અહીંનાં ઘરનાં છાપરાં ત્રાંસાં રાખવામાં આવે છે. આ કારણે વરસાદના પાણીનો સંગ્રહ કરી શકાય છે. વરસાદનું પાણી પાઈપ દ્વારા ટાંકીમાં જાય. પાઈપના મોં પાસે ગળણી જોડેલી હોય છે. જેથી કચરો ટાંકીમાં ન જાય. આ પાણીને ચોખ્ખું કરી વપરાશમાં લેવાય છે.

U4E3X7



**વિચારો અને કહો :**

પાણીની તંગીના કારણે લોકોને કેવી મુસીબતોનો સામનો કરવો પડે છે ?

- માધોના ઘરમાં પાણી કોણ લાવે છે ?
- શું પાણી સંગ્રહ કરવાની કોઈ બીજી પદ્ધતિ છે ?
- ટાંકીનું પાણી મોટે ભાગે પીવામાં ઉપયોગમાં લેવાય છે. કેમ ?
- શું તમારા ઘરમાં વરસાદના પાણીનો સંગ્રહ થાય છે ? જો હા તો કેવી રીતે ?
- માધોના ગામમાં લોકો પીવાનું પાણી ક્યાંથી ભરી લાવે છે ?

જો પાણી સંગ્રહ કરવાની જુદી- જુદી પદ્ધતિઓની બાળકો દ્વારા એકબીજા સાથે ચર્ચા કરવામાં આવે તો તેઓ પાઠ્યપુસ્તકની માહિતીને રોજિંદી જિંદગી સાથે જોડી શકે છે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માધોની જેમ જ સરોજ પણ તેના ઘરમાં પાણીની તંગી અનુભવે છે. તે રામનગરમાં રહે છે. દિવસમાં માત્ર અડધા કલાક માટે જ પાણી આપવામાં આવે છે. વિસ્તારનાં બધાં લોકો એક જ નળ ઉપરથી પાણી મેળવે છે ! શું તમે વિચારી શકો છો, એને શું અગવડ થાય ?

**વિચારો અને લખો :**

❇ પાણી ન હોય તો શું અગવડ પડે ?

| | |
|---|---|
| ● | ● |
| ● | ● |

સરોજને નળથી પાણી ભરવાનું હોય છે. જ્યારે પણ તેને તક મળે તે પોતાનો ઘડો ભરે છે, ભલે પછી ટીપું-ટીપું પાણી મળે.

**માપો અને લખો :**

❇ કેટલી વારે ભરાશે ?



૧. એક ચમચી કેટલાં ટીપાંથી ભરાશે ?



૨. એક વાટકી કેટલી ચમચીથી ભરાશે ?



૩. એક ટબ કેટલી વાટકીથી ભરાશે ?



૪. એક ડોલ કેટલા ટબથી ભરાશે ?


તમે જોયું, આપણને ટીપે-ટીપે કેટલું પાણી મળે છે !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### વિચારો અને લખો :

❋ વિચારો, નળ ટીપે-ટીપે લીક (leak) થાય તો કેટલું પાણી બગડે ?



### વિચારો અને લખો :

❋ પાણી બચાવવાના કયા-કયા રસ્તા વિચારી શકાય ?

તમારાં સૂચનો નીચે લખો :

| | | |
|---|---|---|
| | | |
| | | |

તમે પાણી વેડફાતું જોયું હોય તેવા સ્થળનાં નામ લખો.

❋ ______

❋ ______

❋ ______

❋ ______


જે જગ્યાઓએ પાણીની અછત હોય ત્યાં લોકો અલગ-અલગ રીતે પાણી બચાવવાની અને ફરી વપરાશની પદ્ધતિઓ અપનાવે છે. આવું તેઓ પોતાની જરૂરિયાત પૂરી કરવા કરે છે. આ સમજ દ્વારા, બાળકો પાણી બચાવવાના કેટલાક મુદ્દા અપનાવે તો તેઓ ખરેખર જાણી શકે છે કે, 'પાણી બધાં માટે જરૂરી છે.'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વિચારો અને કહો :

❇ નીચે આપેલાં ચિત્રો જુઓ. ચર્ચા કરો. શું આપણે કોઈ એક કામમાં વાપરેલું પાણી કોઈ બીજા હેતુ માટે વાપરી શકીએ છીએ ?



વિવિધ રંગની લીટીથી જોડો. કયું કામ કરવામાં આવે તો પાણી ફરી વપરાશમાં લઈ શકાય ?

| | | |
|---|---|---|
| હાથ અને મોઢું ધોયેલું પાણી | કપડાં ધોયેલું પાણી | ફળો અને શાકભાજી ધોયેલું પાણી |
| પોતું કરવા | ઝાડને આપવા | શૌચાલય ઉપયોગમાં લેવું |

તમે પાણીનો ફરી ઉપયોગ (reuse-રિયુઝ) કરવા અંગે જાણ્યું છે. લોકો પાણી બચાવવાની પદ્ધતિઓ ત્યારે જ વાપરે છે જ્યારે પાણીની તંગી હોય. કેટલાંક લોકો પાણીનો બગાડ (wastage-વેસ્ટેજ) કરે છે તેથી જ પાણીની તંગી છે. વિચારો, જો બધાંને પૂરતું પાણી મળે તો કેવું સારું!

પાણીનો ફરી ઉપયોગ કરવાની ચર્ચા કરો. જે બાળકોને પાણીની બચતનું મહત્ત્વ સમજવામાં ઉપયોગી થશે. આ વિશે બાળકોનાં સૂચનો સાંભળવામાં આવે અને લેવામાં આવે તો ઉપયોગી થઈ પડશે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in